ગુજરાત વિધાનસભા સચિવાલય

# ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના બીજા અધિવેશન (૩૧મી ઓગસ્ટ થી ૭મી ઓકટોબર) માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ,
૧૯૬૫.

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના બીજા અધિવેશન (૩૧મી ઓગસ્ટથી ૭મી ઓકટોબર)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શકય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, તા. ૧૬મી ઓકટોબર ૧૯૬૫:

 હ. ભ. શુકલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

*With the Compliments of Secretary,*
*Gujarat Legislature Secretariat,*
*Ahmedabad-16.*

---

સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય, અમદાવાદ-૧૬,
તરફથી સાદર.

# અનુક્રમણિકા


| ક્રમાંક<br>૧ | વિષય<br>૨ | પાનું ક્રમાંક<br>૩ |
|---|---|---|
| ૧. | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના બીજા અધિવેશન (૩૧મી ઓગસ્ટ થી ૭મી ઓકટોબર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧. સન ૧૯૬૫ના બીજા અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનઃ સભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ. | ૭ |
| ૩, | પત્રક ક્રમાંક ૨. જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક. | ૧૯ |
| ૪. | પત્રક ક્રમાંક-૩. અધ્યક્ષશ્રીએ નિમેલી પ્રમુખોની પેનલ. | ૧૯ |
| ૫. | પત્રક ક્રમાંક-૪. જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી. | ૨૦ |
| ૬. | પત્રક ક્રમાંક-૫. સરકારી વિધેયકો. | ૨૧ |
| ૭. | પત્રક ક્રમાંક-૬. રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો. | ૨૬ |
| ૮. | પત્રક ક્રમાંક-૭. પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. | ૨૭ |
| ૯. | પત્રક ક્રમાંક-૮. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ. | ૨૯ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર કાપ દરખાસ્તો. | ૨૯ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦. તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ. | ૩૧ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧. તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં). | ૩૨ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨. અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં). | ૩૩ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩. બિન-સરકારી સંકલ્પો. | ૩૪ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ. | ૩૫ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ. | ૩૭ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ. | ૩૮ |

# ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના બીજા અધિવેશન (૩૧મી ઓગસ્ટથી ૭મી આકટોબર) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

## પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૫નું બીજું અધિવેશન મંગળવાર, તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ વિધાન સભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું અને ગુરૂવાર, તા. ૭મી ઓકટોબર, ૧૯૬૫ના રોજ સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન સભાગૃહની બેઠકો બે વખત મુલતવી રાખવામાં આવી હતી. પ્રથમ વખતે અધ્યક્ષશ્રીએ તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહ, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ ફરી મળવા મુલતવી રાખ્યું હતું; જ્યારે બીજી વખત સરકારની વિનંતીથી તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહ, તા. ૭મી ઓકટોબર, ૧૯૬૫ના રોજ ફરી મળવા મુલતવી રાખવામાં આવ્યું હતું. અધિવેશન દરમિયાન વિધાનસભા કુલ ૧૩ દવસ મળા હતી અને તેમાં ૧૩ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૪૮ કલાક અને ૪ મિનિટ કામ કર્યું હતું.

## હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૨૯ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૧૬ હતી. સરેરાશ હાજરી ૧૨૧ હતી.

## રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૧માં આપ્યો છે.

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની નિમણૂંક

અધિવેશન દરમિયાન અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની નિમણૂંક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૨).

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂંક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૩).

## જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી

અધિવેશન દરમ્યાન નીચેની સમિતિઓ ઉપર સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા:—

(૧) પશ્ચિમ રેલ્વેની પ્રાદેશિક રેલ્વેનો ઉપયોગ કરનારાઓની ઝોનલ સલાહકાર સમિતિ.

(૨) પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિઓ.

(જુઓ પત્રક ક્રમાંક-૪)

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૭ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક- ૫). તેમાંથી ૯ વિધેયકો પસાર થયાં હતાં.

## બિન સરકારી વિધેયકો

### (૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

અધિવેશન માટે ૫ બિન સરકારી વિધેયકોની સૂચના મળી હતી જેમાંથી ૪ વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં અને ૧ વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે રજૂ થઈ શકયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક ૬).

### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે ૪ બિન સરકારી વિધેયકો હતાં. તેમાંથી ત્રણ વિધેયકો ગૃહની મંજૂરીથી પાછા ખેંચી લેવામાં આવ્યાં હતાં અને એક વિધેયક નામંજૂર થયું હતું. (જુઓ પત્રક ક્રમાંક—૭).

## નાણાંકીય કામકાજ

સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક, માનનીય નાયબ નાણાં મંત્રીશ્રીએ તા. ૯ મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૧૫મી અને ૧૬ મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ કરવામાં આવ્યાં હતાં. કલ ૨૭ પૂરક માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૯ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૮).

પૂરક માગણીઓ ઉપર કુલ ૬ કાપદરખાસ્તોની સૂચનાઓ આવી હતી, જે બધી અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલી કાપદરખાસ્તોમાંથી ૫ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી હતી અને તે પૈકી ૩ કાપ દરખાસ્તો ચર્ચા બાદ પાછી ખેંચી લેવામાં આવી હતી, જ્યારે બાકીની ૨ કાપ દરખાસ્તો મત માટે મૂકાતાં નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૯).

સન ૧૯૬૫-૬૬ના ખર્ચના પુરક પત્રકમાં જે માટે પુરક માગણીઓનો સમાવેશ કર્યો નથી તેવી આકસ્મિક ખર્ચ નિધિમાંથી તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ સુધી મંજૂર કરેલ પેશગીઓ દર્શાવતું વિવરણપત્રક માનનીય નાયબ નાણાં મંત્રીશ્રીએ તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકયું હતું.

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

આ સત્ર દરમ્યાન ૧૦૨૭ તારાંકિત પ્રશ્નો, ૪૭ અતારાંકિત પ્રશ્નો અને ૬૮ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક ૧૦,૧૧ અને ૧૨ માં આપવામાં આવી છે.

## અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે, સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલા ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની બે સૂચનાઓ મળી હતી જે સભ્યશ્રીઓએ પાછી ખેંચી લીધી હતી.

## બિન-સરકારી સંકલ્પો

અગાઉ નકકી કરવામાં આવેલ સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તા. ૮મી સપ્ટેમ્બર અને તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫ એમ બે દિવસો બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે નકકી કરવામાં આવ્યા હતા. પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફાર થવાથી કામકાજ સલાહકાર સમિતિની ભલામણ પ્રમાણે તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના દિવસે ચર્ચાવાના બિન-સરકારી સંકલ્પો તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ ચર્ચા માટે લેવામાં આવ્યા હતા.

બિન-સરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૨૧૪ સુચનાઓ આવી હતી, જેમાંથી ૧૯૭ સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલા સંકલ્પોની વિગતો નીચે પ્રમાણે છે:—

| | |
|---|---|
| (૧) રજૂ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા. (બીજા ૪૪ સંકલ્પો આવા જ હતા.) | ૫ |
| (૨) રજૂ કરવામાં આવેલા પરંતુ સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૧૭ સંકલ્પો આવા જ હતા) | ૨ |
| (૩) રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૧ |
| (૪) નિયમ ૪૩ (૨) અને ૯૮ અનુસાર રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૨ |
| (૫) સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧૨૬ |

(જુઓ પત્રક ક્રમાંક-૧૩)

## સભા મોકૂફીના પ્રસ્તાવો

સત્ર દરમિયાન સભા મોકૂફીના પ્રસ્તાવોની કુલ બે સૂચનાઓ આવી હતી. તેમાંથી એક સૂચના ને નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા માટે દાખલ કરીને તેને તેજ વિષયની નિયમ ૯૦ હેઠળ ની દાખલ કરવામાં આવેલી બીજી એક સૂચના સાથે એકત્રિત કરવામાં આવી હતી; જ્યારે બાકીની એક સૂચનાને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતી આપી ન હતી.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઊભી કરવા માટે કુલ ૧૫ સૂચનાઓ આવી હતી. આમાં સભા મોકૂફીના એક પ્રસ્તાવની સૂચના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા માટે ગણવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે. નિયમ ૯૦ હેઠળ કુલ નવ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૪).

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા બાબતની કુલ ૨૭ સૂચનાઓ આવી હતી. તેમાંથી કુલ ૯ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. લાગતા વળગતા મંત્રીશ્રીઓએ કુલ ૬ નિવેદનો કર્યા હતાં, જ્યારે ૩ સૂચનાઓ સમયને અભાવે સભાગૃહમાં લઈ શકાઈ ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૫).

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૯ હેઠળનો સરકારી સંકલ્પ

આ સત્રમાં સભાગૃહના માનનીય નેતા શ્રી હિતેન્દ્ર દેસાઈએ નીચે પ્રમાણેના સંકલ્પની સૂચના આપી હતી અને તે દાખલ કરવામાં આવી હતી:—

"પાકિસ્તાની સશસ્ત્ર ઘુસણખોરો મોટી સંખ્યામાં કાશ્મીરમાં દાખલ થયા ત્યારથી આજ સુધીના એક મહિના દરમિયાન આપણી ઉત્તર સરહદે રોજબરોજ ગંભીર બનાવો બનતા રહયા છે. માતૃભૂમિની અખંડિતતા જાળવવા અને સ્વરક્ષણ માટે આપણા લશ્કરી દળોને કાશ્મીર યુધ્ધ વિરામ રેખા ઓળંગી આગળ વધવાની ફરજ પડી છે.

દેશની સરહદોના રક્ષણ માટે ભારત સરકારે લીધેલાં આ બધાં સંગીન પગલાંને આ સભાગૃહ બીરદાવે છે અને તે માટે ભારત સરકારને તથા બહાદુરીથી લડતાં આપણાં લશ્કરી દળોને હાર્દિક અભિનંદન આપે છે અને તેમને ખાતરી આપે છે કે ગુજરાતની પ્રજા તેમની પાછળ એક અવાજે ખડી છે.

દેશની ઉત્તર સરહદે માતૃભૂમિના રક્ષણ માટે પ્રાણ આપનાર વીર જવાનોને આ સભાગૃહ ભાવભીની અંજલિ અર્પે છે.

આજે દેશમાં ના ુક પરિસ્થિતિ પ્રવર્તી રહી છે, દરરોજના બનાવોની ગંભીરતા વધી રહી છે, ગુજરાતની સરહદ કેટલાંક સ્થળોએ પાકિસ્તાનને લાગેલી છે, કચ્છના રણની સરહદના પાકિસ્તાના આક્રમણનો આપણો અનુભવ હજી તાજોજ છે તેવે સમયે આ સભાગૃહના બધા માનનીય સભ્યો એક થઈને, માતૃભૂમિના રક્ષણ માટે કામ કરવાનો અડગ નિરધાર જાહેર કરે છે અને ગુજરાતના નાગરિકોને એ રીતે કામ કરવાની હાકલ કરે છે. લોકશાહીને જીવંત રાખવાના બહાદુરીભર્યા પ્રયત્નો કરવાનો આજે અમોલ અવસર છે, પારાવાર મુશ્કેલીઓ આવે તેનો સામનો કરીને, આપણો દેશ સફળતા મેળવશે એવી આ સભાગૃહને દ્રઢ શ્રધ્ધા છે. "

સંકલ્પ તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહની માનનીય નેતા શ્રી હિતેન્દ્ર દેસાઈએ રજૂ કર્યો હતો. સંકલ્પની ચર્ચામાં કુલ ૧૦ સભ્યોએ (મંત્રીશ્રીઓ સિવાય) ભાગ લીધો હતો. ચર્ચાને અંતે સભાગૃહના માનનીય નેતાશ્રીના જવાબ બાદ સંકલ્પ સભાગૃહ સમક્ષ મત માટે મૂકવામાં આવતાં, બધા માનનીય સભ્યોએ ઉભા થઈને સર્વાનુમતે તે સંકલ્પને પસાર કર્યો હતો.

## વૈધાનિક પ્રસ્તાવ

સન ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૨૩ (૪) અન્વયેનો વિ. સ. સ. શ્રી ગંગારામ રાવળ અને વિ. સ. સ. શ્રી શાંતુભાઈ પટેલનો પ્રસ્તાવ.

"This House resolves that the following amendment be made in the Gujarat Gram and Nagar Panchayat Taxes and Fees Rules 1964 ;-

In rule 11, in sub-rule (*1*) for the words "by beat of drum in the gram or nagar or by publishing" substitute the words "in the case of a gram panchayat by beat of drum in the gram and in the case of a nagar panchayat by beat of drum in the nagar or by publishing."

સમયના અભાવે અધિવેશન દરમયાન આ પ્રસ્તાવ હાથ ઉપર લેવામાં આવ્યો નહોતો.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ હેઠળ "બીજા પ્રસ્તાવો"ની કુલ ૬ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓ પૈકી ૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, પરંતુ તે બધી સૂચનાઓ સમયના અભાવે સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૬).

## વિધાનસભાના નિયમ ૪૫ હેઠળ માનનીય ગૃહ મંત્રીશ્રીનું નિવેદન

સત્ર દરમિયાન વિધાનસભાના નિયમોના નિયમ ૪૫ હેઠળ માનનીય ગૃહ મંત્રીશ્રીએ તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં, ભારત અને પાકિસ્તાન વચ્ચેની યુધ્ધની પરિસ્થિતિ બાબતનું નિવેદન કર્યું હતું.

## સમિતિઓની બેઠકો.

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી :—

૧. કામકાજ સલાહકાર સમિતિ.
૨. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.
૩. વિશેષાધિકાર સમિતિ.
૪. જાહેર હિસાબ સમિતિ.
૫. અંદાજ સમિતિ.
૬. સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિ.

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલ અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા :—

| અનુક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો | ૧. ૩૧-૮-૬૫<br>૨. ૬-૯-૬૫<br>૩. ૯-૯-૬૫<br>૪. ૧૭-૯-૬૫ | |
| ૨. | બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના અહેવાલો | ૧. બાવીસમો અહેવાલ ૧-૯-૬૫<br>૨. તેવીસમો અહેવાલ ૬-૯-૬૫<br>૩. ચોવીસમો અહેવાલ ૧૬-૯-૬૫ | |
| ૩. | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) | — | ૩૧-૮-૬૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪. | ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૨-૬૩ અને સન ૧૯૬૩-૬૪ના હિસાબના અહેવાલો. | ૩૧-૮-૬૫ | |
| ૫. | ગુજરાત રાજ્ય નાં ગ્રાહક મંડળનો સન ૧૯૬૪-૬૫નો વાર્ષિક અહેવાલ | ૩-૯-૬૫ | ૧૦-૯-૬૫ (મંડળના કામકાજ પર ચર્ચા) |
| ૬. | ગુજરાત રાજ્ય નાણાકીય કોર્પોરેશનના સન ૧૯૬૩-૬૪ના હિસાબો પરનો એકાઉન્ટન્ટ જનરલનો અહેવાલ | ૩૧-૮-૬૫ | |
| ૭. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૨-૬૩નો વહીવટી અહેવાલ | — | ૧-૯-૬૫ (કોર્પોરેશનના કામકાજ પર ચર્ચા) |
| ૮. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો વહીવટી અહેવાલ | ૧૬-૯-૬૫ | |
| ૯. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૪-૬૫નો સુધારેલો અંદાજ અને સન ૧૯૬૫-૬૬નો અંદાજ | ૧૬-૯-૬૫ | |
| ૧૦. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો તા. ૧-૮-૬૨ થી તા. ૩૧-૩-૬૪નો વાર્ષિક અહેવાલ | — | ૯-૯-૬૫ (કોર્પોરેશનના કામકાજ પર ચર્ચા) |
| ૧૧. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ | — | ૧૦-૯-૬૫ (મંડળના કામકાજ પર ચર્ચા) |
| ૧૨. | તા. ૬-૫-૬૫ થી તા. ૬-૭-૬૫ના ગાળા દરમિયાન સરકારે આપેલી બાંયધરીઓની વિગત દર્શાવતું પત્રક | ૩૧-૮-૬૫ | |
| ૧૩. | ભરૂચ ડિસ્ટ્રિકટ કોઓપરેટીવ સ્પિનિંગ મિલ્સ લી. ભરૂચને રૂા. ૩૬,૬૬,૬૦૦ની રકમ માટે તા. ૨૨-૩-૬૫ના રોજ આપેલી બાંયધરી દર્શાવતા પત્રકને બદલે નર્મદા રૂ ઉત્પાદકોની સહકારી સ્પિનિંગ મિલ્સ લી. ભરૂચને તેજ રકમની તેજ તારીખે આપેલી બાંયધરીની વિગત દર્શાવતું સુધારેલું પત્રક | ૩-૯-૬૫ | |
| ૧૪. | તા. ૭-૭-૬૫ અને તા. ૨૬-૭-૬૫ના રોજ આપેલી બાંયધરીઓની વિગત દર્શાવતું પત્રક | ૩-૯-૬૫ | |
| ૧૫. | સન ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી આપેલી બાંયધરીઓ અંગે થયેલું ખર્ચ દર્શાવતું પત્રક | ૩-૯-૬૫ | |
| ૧૬. | ચોથી પંચવર્ષીય યોજનાના ખરડાની રૂપરેખા. | ૧૫-૯-૬૫ | |
| ૧૭. | વિશેષાધિકાર સમિતિનો સાતમો અહેવાલ | ૧૫-૯-૬૫ | ૧૭-૯-૬૫ |

### શોકદર્શક ઉલ્લેખો

૧. પહેલાંના મુંબઈ રાજ્યની વિધાનસભાના સભ્ય અને વિધાન પરિષદના ચેરમેન સ્વ. શ્રી ભોગીલાલ લાલાને તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ સભાગૃહે અંજલી આપી હતી અને ત્યારબાદ સદ્‌ગતના માનમાં સભાગૃહના સભ્યોએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.

૨. પહેલાંના મુંબઈ રાજ્યની વિધાન પરિષદના સભ્ય સ્વ. શ્રી ચુનીલાલ મૂળજીભાઈ પટેલને તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ સભાગૃહે અંજલી અર્પી હતી અને ત્યારબાદ સદ્‌ગતના માનમાં સભાગૃહના સભ્યોએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.

૩. તા. ૭મી ઓકટોબર, ૧૯૬૫ના રોજ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી, શ્રી બળવંતરાય ગો. મહેતાના અવસાન અંગે અંજલી આપ્યા બાદ સભાગૃહ કંઈપણ કામકાજ કર્યા સિવાય ઉઠી ગયું હતું.

### વિભાજન

અધિવેશન દરમિયાન શ્રી પુરૂષોતમ લા. ચૌહાણના વડોદરા જિલ્લાના નર્મદા નદીને કાંઠે આવેલા વિસ્તારોમાં સિંચાઈની વ્યવસ્થા કરવા બાબતનો સંકલ્પ પાછો ખેંચી લેવાના પ્રસ્તાવ ઉપર વિભાજન માગવામાં આવ્યું હતું. તેની તરફેણમાં ૩૩ અને વિરૂધ્ધમાં ૧૬ મતો પડતાં તે પાછો ખેંચી લેવાની મંજૂરી આપવામાં આવી હતી.

### વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | |
|---|---|
| (ક) પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૧૬૮૬ |
| (ખ) ૨૪ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૨૦૧૪ |
| (ગ) અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૬૪૩ |
| (ઘ) અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૧૦૨ |
| કુલ સંખ્યા ... | ૪૪૪૫ |

---

### પત્રક ક્રમાંક-૧

### સન ૧૯૬૫ના દ્વિતીય અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

**મંગળવાર, ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫**

૧. તા. ૫મી મે, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલી છત્રીસમી તારાંકિત યાદીમાંથી બાકી રહેલા પ્રશ્નો ક્રમાંક ૧૦૨૨૨, ૧૦૬૦૪, ૧૦૨૩૬, તેમજ પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૬૦૯, ૧૦૫૯૩, ૧૦૬૫૪, ૧૦૮૫૩, ૯૯૫૩, ૧૦૪૨૬, ૧૦૫૩૨, ૮૭૧૭, ૧૦૭૨૯, ૧૦૨૦૬, ૧૦૬૬૨, ૧૦૩૭૮, ૧૦૩૨૧, ૧૦૭૯૭ અને ૧૦૩૮૭ના જવાબ આપવામાં આવ્યા.

ઉપરોક્ત છત્રીસમી તારાંકિત યાદીમાંથી બાકી રહેલા પ્રશ્નો ક્રમાંક ૧૦૨૩૪, ૧૦૭૧૭ તેમજ પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૨૭૭, ૧૦૧૭૮, ૧૦૨૪૫, ૯૫૪૫ અને ૧૦૬૪૦ પ્રશ્નની સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. પહેલાંના મુંબઈ રાજ્યની વિધાનસભાના સભ્ય અને વિધાન પરિષદના ચેરમેન, સ્વ. શ્રી ભોગીલાલ લાલા તથા પહેલાંના મુંબઈ રાજ્યની વિધાન પરિષદના સભ્ય, શ્રી ચુનીલાલ મૂળજીભાઈ પટેલના અવસાનો અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને તેઓને સ્મરણાંજલિ આપવામાં આવી.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે શ્રી જે. ડી. નગરવાલા સામે કરવામાં આવેલા ગેરવર્તણુકના આક્ષેપોની ચાલતી તપાસ અંગે ગુજરાત રાજ્ય તરફના કોન્સેલે વિધાનસભાના એક સભ્યશ્રીએ જે પ્રશ્નની નોટિસ આપી હતી અને જે પ્રશ્ન અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યો હતો તે પ્રશ્ન અને સરકારે તે પ્રશ્ન અંગે આ સચિવાલયને મોકલાવેલા પત્રની નકલ કમિશન આગળ રજૂ કરવા માટે માગી છે પણ તે આપવી કે નહિ તે સભાગૃહના વિશેષાધિકારનો પ્રશ્ન હોઈ તેમણે, નિયમ ૨૪૬ અન્વયે, તે બાબત તપાસ માટે વિશેષાધિકાર સમિતિને તેનો અહેવાલ તાત્કાલિક અને મોડામાં મોડો તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૫ પહેલાં સાદર કરવાની સૂચના સાથે સોંપી છે.

૪. સચિવશ્રીએ જે ચાર વિધેયકોને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેમજ જે નવ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં નામ વાંચી સંભળાવ્યાં.

૫. મુખ્ય મંત્રીશ્રીએ તા. ૬ઠ્ઠી મે ૧૯૬૫થી ૬ઠ્ઠી જુલાઈ ૧૯૬૫ના ગાળા દરમિયાન સરકારે આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૬. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ના હિસાબના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૭. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાણાકીય કોર્પોરેશનના ૧૯૬૩-૬૪ના હિસાબો પરનો એકાઉન્ટન્ટ જનરલનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૮. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ પટેલે, નિયમ ૯૦ અન્વયે, તા. ૩૦મી જૂન, ૧૯૬૫ના રોજ ચોરવાડના શ્રી સુંદરજી રામજી ગઢિયાએ કરેલા અગ્નિસ્નાનથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ ગૃહમંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૯. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) વિચારણામાં લેવામાં આવે. ચર્ચામાં ૧૦ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૧૦. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો વાંચી સંભળાવી. સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈએ સદરહુ સમિતિની ભલામણો પ્રસ્તાવરૂપે રજૂ કરી જે મંજર કરવામાં આવી.

## બુધવાર તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૫

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૩૦૬, ૧૦૨૫૭, ૧૦૧૧૬, ૧૦૮૩૪, ૯૮૫૪, ૧૦૬૩૬, ૧૦૪૧૭ (છેલ્લા ત્રણ સાથે), ૧૦૫૬૮, ૧૦૦૧૭, ૧૦૭૫૮, ૯૦૮૧, ૯૧૧૦, (છેલ્લા બે સાથે), ૧૦૮૨૩, ૧૦૯૪૧, ૧૦૫૨૫, ૧૦૧૦૨, ૯૧૩૮, ૧૦૨૧૨, ૧૦૭૧૫, ૧૦૫૪૮, ૧૧૦૪૯, ૧૦૮૦૪, ૧૦૭૫૧ અને ૮૯૦૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૦૨૪૦ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો બાવીસમો અહેવાલ સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈએ રજૂ કર્યો. ત્યારબાદ અહેવાલ સ્વીકારવા બાબતનો પ્રસ્તાવ રજૂ થયો અને તે માન્ય થયો.

૩. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ ઔચિત્ય ભંગનો પ્રશ્ન રજૂ કર્યો કે એક પ્રશ્નના જવાબમાં સરકારે સત્યથી વેગળી માહિતી વિધાનસભામાં આપી પણ પાછળથી સરકારને જાણ થઈ કે આપેલી માહિતી સાચી નથી ત્યારે સભાગૃહને તેની પ્રથમ જાણ કરવાને બદલે દિવાનપંચ સમક્ષ તેની રજૂઆત કરી અને આ રીતે સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

સભ્ય, યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા ઉપરોકત ઔચિત્ય ભંગનો પ્રશ્ન રજૂ કરતા હતા ત્યારે ગૃહ મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ એવો પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે મજકૂર બાબત સબ-જ્યુડીસ હોઈ તે વિષય સભાગૃહમાં ચર્ચવામાં ન આવે. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ સદરહુ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર તેમનું મંતવ્ય રજૂ કર્યું. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી કે પ્રશ્ન એટલોજ છે કે ઉપરોકત બાબતની સરકારને ખબર પડી ત્યારે તે હકીકતની જાણ સભાગૃહને પ્રથમ નહિ કરતાં પંચ સમક્ષ કેમ રજૂ કરી. તે અંગે ગૃહ મંત્રીશ્રીએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યા. ગૃહ મંત્રીશ્રીને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ ઔચિત્ય ભંગના પ્રશ્ન ઉપરનો નિર્ણય મુલતવી રાખ્યો.

૪. ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક પરની તા.૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચાનો જવાબ નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. વાહન વ્યવહાર ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૬૨-૬૩નું કામકાજ વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વાહન વ્યવહાર ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## ગુરૂવાર, ૨જી સપ્ટેમ્બર ૧૯૬૫

૧. તા. ૧૧મી માર્ચ, ૧૯૬૫ના રોજ સોળમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૯૪૫૩ તેમજ ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૩૦૮, ૯૪૬૪, ૯૮૪૩, ૧૦૫૮૨, ૧૦૯૧૭, ૧૦૫૮૭, ૯૦૬૭, ૯૯૯૮, ૧૦૫૩૪, ૧૦૫૪૨, ૯૧૭૧, ૧૦૪૨૩, ૧૦૫૮૯, ૧૦૨૦૪, ૧૦૯૭૮, ૧૦૦૦૯, ૯૯૬૩, ૧૦૯૮૪, ૧૦૬૬૯ અને ૧૦૭૫૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૧૩૬૩, ૧૦૧૮૩ તેમજ ૧૦૮૦૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નો ક્રમાંક ૧૦૨૫૭ અને ૧૦૨૨૭ મુલતવી રાખવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની પેનલ પર ચાર સભ્યોની નિમણૂક કરી.

૩. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિ પર પાંચ સભ્યોની નિમણૂક કરી.

૪. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોના પ્રભારી સભ્યોને વિધેયકો દાખલ કરવાની રજા આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં:

(૧) સન ૧૯૬૫નું ગુજરાત પશુ બલિદાનના નિષેધ બાબતનું વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી નાગજીભાઈ આર્ય)

(૨) સન ૧૯૬૫નું અટકાયતી નજરકેદ બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૩) સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ મહેતા)

(૪) સન ૧૯૬૫નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૫) નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોના પહેલા વાચન માટેના પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચા કરવામાં આવી:—

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૬મું—સન ૧૯૬૪નું ગુજરાત ગૃહ નિર્માણ મંડળ (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ પાલખીવાળા ) પ્રસ્તાવ મત માટે ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો અને નામંજૂર થયો.

(૨) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૧મું—સન ૧૯૬૪નું ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી સુરજમલ શાહ) ગૃહની પરવાનગી-થી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૪મું—સન ૧૯૬૪નું ગુજરાત ઔદ્યોગિકી વિકાસ (વિતીય સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી છોટાભાઈ પટેલ). ગૃહની પરવાનગીથ વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૪) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૭મું—સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી શાન્તુભાઈ પટેલ). ગૃહની પરવાનગીથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૫. ગૃહ મંત્રીશ્રીએ ઔચિત્ય ભંગના પ્રશ્ન બાબતમાં તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ તેમણે કરેલા વકતવ્ય અંગે થયેલી ગેરસમજુત બાબત સ્પષ્ટતા કરતું નિવેદન કર્યું.

## શુક્રવાર ૩જી, સપ્ટેમ્બર ૧૯૬૫

૧. તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ પુછાયેલા પ્રશ્ન ક્રમાંક ૯૩૦૮ અંગે વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરતું નિવેદન કર્યું.

ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૬૮૬, ૧૦૦૧૨, ૧૦૦૪૦, ૧૦૨૨૮, ૧૦૭૩૦, ૧૦૧૪૯, ૧૦૩૫૬ (છેલ્લા બે સાથે), ૯૮૩૬, ૧૦૩૯૦, ૯૦૪૫, ૧૧૦૩૬, ૧૧૦૫૮, ૧૧૩૪૯, ૧૦૯૭૦, ૧૦૮૨૮, ૧૦૮૦૭, ૧૦૦૧૫, ૧૦૭૮૩, ૧૦૪૭૫, ૧૦૦૨૦, ૧૦૩૫૭, ૧૦૭૯૫, તેમજ ૧૦૪૧૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૩૭૯ અને ૧૧૨૮૦ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાયબ નાણામંત્રીશ્રીએ ભરૂચ ડિસ્ટ્રિક્ટ કોઓપરેટીવ સ્પિનિંગ મિલ્સ લી. ભરૂચને રૂા. ૩૬,૬૬,૬૦૦ની રકમ માટે તા. ૨૨મી માર્ચ, ૧૯૬૫ના રોજ આપેલી બાંહેધરી દર્શાવતા પત્રકને બદલે નર્મદા ઉત્પાદકોની સહકારી સ્પિનિંગ મિલ્સ લી. ભરૂચને તેજ રકમની તેજ તારીખે આપેલી બાંહેધરી દર્શાવતું સુધારેલું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૩. નાયબ નાણા મંત્રીશ્રીએ તા. ૭મી જુલાઈ, ૧૯૬૫ અને તા. ૨૬મી જુલાઈ, ૧૯૬૫ના રોજ આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. નાયબ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૪-૬૫ ના વર્ષ દરમયાન રાજ્યના એકાત્રત ભંડોળમાંથી આપેલી બાંહેધરીઓ અંગે થયેલ ખર્ચ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૫. નાયબ નાણા મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાણાકીય મંડળનો સન ૧૯૬૪-૬૫નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૬. નીચે જણાવેલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં:

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૩-સન ૧૯૬૫નું પ્રસૂતિ સહાયતા (ગુજરાત સુધારા) વિધેયક (સન ૧૯૬૫નું ૨૩મું).

(૨) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૬-સન ૧૯૬૫નું મુંબઈ બાળક (કચ્છ વિસ્તારોને લાગુ પાડવા અને સુધારવા) બાબતનું વિધેયક (સન ૧૯૬૫નું ૬ઠ્ઠું).

(૩) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨-સન ૧૯૬૫નું મુંબઈ જમીન મહેસૂલ (કચ્છ વિસ્તારને લાગુ પાડવા અને સુધારવા ) બાબતનું વિધેયક (૧૯૬૫નું ૨જું).

(૪) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૦-સન ૧૯૬૫નું ગુજરાત જમીન સત્તા પ્રકાર નાબુદ કરવા બાબતના કાયદા (સુધારવા) બાબતનું વિધેયક (સન ૧૯૬૫નું ૨૦મું).

## સોમવાર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૫

૧. તા. ૩જી માર્ચ, ૧૯૬૫ના રોજ મુલતવી રાખવામાં આવેલ ટકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૬૯ તેમજ પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૬૬૮, ૯૦૨૨, ૯૬૬૬, ૧૦૮૩૨, ૧૦૦૩૪, ૮૯૫૩, ૧૦૮૭૮ (છેલ્લા બે સાથે) ૧૦૩૭૦, ૧૦૨૯૫, ૧૦૩૭૩, ૧૦૮૯૪, ૧૦૧૨૦, ૧૦૩૩૧, ૧૦૬૦૮, ૧૦૩૨૯ અને ૧૦૩૮૯, ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૪૦ અને ૧૦૫૭૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. શ્રી ઉદેસિંહ વડોદિયાએ, નિયમ ૯૪ અન્વયે, ચાલુ સાલે ચોમાસાની મોસમ દરમિયાન વરસાદ, વાવાઝોડાં, તેમજ વીજળી પડવાના બનાવોને ખેડા, વડોદરા, પંચમહાલ, સુરત, ભરૂચ અને ભાવનગર જિલ્લાઓનાં વિવિધ સ્થળોએ થયેલી જાનહાની અને મિલ્કતને પહોંચેલું નુકસાન અને રાજ્ય સરકારે લીધેલાં રાહતના પગલાં તરફ મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. મહેસૂલ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો ત્રેવીસમો અહેવાલ સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈએ રજૂ કર્યો. ત્યારબાદ અહેવાલ સ્વીકારવા બાબતનો પ્રસ્તાવ રજૂ થયો અને તે માન્ય થયો.

૪. જાહેર બાંધકામ અને બંદરોના મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ પશ્ચિમ રેલ્વેની પ્રાદેશિક રેલ્વેનો ઉપયોગ કરનારાઓની સલાહકાર સમિતિ પર કામ કરવા માટે એક પ્રતિનિધિની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને માન્ય થયો. અધ્યક્ષશ્રીએ ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૫. તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉઠાવેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન પરનો જે નિર્ણય મુલતવી રાખવામાં આવેલો તે નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે સરકારી અમલદારે સરકારને ખોટી માહિતી આપીને સરકાર પાસે વિધાનસભામાં ખોટી માહિતી અપાવરાવી છે તે બાબત તપાસ પંચ આગળ તપાસમાંનો એક મુદ્દો હોઈ હાલ તે બાબતનો આખરી નિર્ણય થયો નથી એટલે આ તબક્કે તે અધિકારીએ સરકારને આપેલી માહિતી ખરી હતી કે ખોટી હતી તે વિષે આ સભાગૃહને ચોકકસ માહિતી આપવી શકય નથી એમ જે ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું તે યોગ્ય જણાય છે. અને ઉપરોકત સંજોગોમાં સભાગૃહના ઔચિત્યનો ભંગ થતો નથી.

૬. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું:

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૦-સન ૧૯૬૫નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક (૧૯૬૫નું ૧૦ મું.)

૭. વિ. સ. સ. શ્રી બ્રહ્મકુમાર ભટ્ટે, નિયમ ૯૦ અન્વયે, અનાજ અને ખાદ્યતેલના ભાવોમાં થતાં વધારાથી રાજ્યના નાગરિકોને પડતી મુશ્કેલીઓમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. તા. ૬ઠી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈએ સદરહુ સમિતિની ભલામણો પ્રસ્તાવ રૂપે રજૂ કરી જે મંજૂર કરવામાં આવી.

૯. ગૃહ અને કાયદા મંત્રીશ્રીએ પાકિસ્તાનના પ્રમુખે ભારત સાથે જાહેર કરેલી યુધ્ધની પરિસ્થિતિ બાબતના સમાચાર સભાગૃહ ને આપ્યા અને તે અંગે ટૂંકું નિવેદન કર્યું.

**મંગળવાર ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૫**

૧. છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૦૯૯૧, ૯૮૭૪, ૧૦૬૫૦, ૯૯૬૪, ૧૦૮૭૫, ૧૧૦૧૦, ૧૦૩૩૦, ૧૦૨૩૧, ૧૦૧૮૫, ૧૦૫૩૫, ૧૦૮૯૫, ૧૧૩૬૦, ૧૦૨૨૩, ૧૦૨૭૦, ૧૦૩૮૬, ૧૦૬૭૦,૧૧૨૭૩, ૧૦૮૩૫, ૧૦૩૩૬, ૧૧૦૫૩, ૧૧૦૫૪, અને ૧૧૦૫૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૦૮૬૩ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૦૮૬૬ અને ૧૦૧૦૩ મુલતવી રાખવામાં આવ્યા.

૨. ગૃહના નેતાશ્રીએ નિયમ ૯૯ અન્વયે નીચે મુજબનો સંકલ્પ રજૂ કર્યો.—

"પાકિસ્તાની સશસ્ત્ર ઘુસણખોરો મોટી સંખ્યામાં કાશ્મીરમાં દાખલ થયા ત્યારથી આજ સુધીના એક મહિના દરમિયાન આપણી ઉત્તર સરહદે રોજબરોજ ગંભીર બનાવો બનતા રહયા છે. માતૃભૂમિની અખંડિતતા જાળવવા અને સ્વરક્ષણ માટે આપણાં લશ્કરી દળોને કાશ્મીર યુધ્ધવિરામ રેખા ઓળંગી આગળ વધવાની ફરજ પડી છે.

દેશની સરહદોના રક્ષણ માટે ભારત સરકારે લીધેલાં આ બધાં સંગીન પગલાંને આ સભાગૃહ બીરદાવે છે અને તે માટે ભારત સરકારને તથા બહાદુરીથી લડતાં આપણાં લશ્કરી દળોને હાર્દિક અભિનંદન આપે છે અને તેમને ખાતરી આપે છે કે ગુજરાતની પ્રજા તેમની પાછળ એક અવાજે ખડી છે.

દેશની ઉત્તર સરહદે માતૃભૂમિના રક્ષણ માટે પ્રાણ આપનાર વીર જવાનોને આ સભાગૃહ ભાવભીની અંજલિ અર્પે છે.

આજે દેશમાં નાજુક પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. દરરોજના બનાવોની ગંભીરતા વધી રહી છે, ગુજરાતની સરહદ કેટલાંક સ્થળોએ પાકિસ્તાનને લાગેલી છે, કચ્છના રણની સરહદના પાકિસ્તાનના આક્રમણનો આપણો અનુભવ હજી તાજો જ છે તેવે સમયે આ સભાગૃહના બધા માનનીય સભ્યો એક થઈને, માતૃભૂમિના રક્ષણ માટે કામ કરવાનો અડગ નિર્ધાર જાહેર કરે છે અને ગુજરાતના નાગરિકોને એ રીતે કામ કરવાની હાકલ કરે છે, લોકશાહી જીવંત રાખવા બહાદુરી ભર્યા પ્રયત્નો કરવાનો આજે અમોલ અવસર છે, પારાવાર મુશ્કેલીઓ આવે તેનો સામનો કરીને, આપણો દેશ સફળતા મેળવશે એવી આ સભાગૃહને દ્રઢ શ્રધ્ધા છે."

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ ગૃહના નેતાશ્રીએ આપ્યો. ત્યારબાદ ગૃહે ઉપરોક્ત પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કર્યો.

૩. વિ. સ. સ., શ્રી. રતિભાઈ પટેલે, નિયમ ૯૪ અન્વયે, રાજ્યમાં બિન-સરકારી કોલેજોને અપાતી ગ્રાન્ટના ધોરણમાં તાજેતરમાં ફેરફાર થવાથી આવી સંસ્થાઓમાં ઊભી થયેલ કટોકટી અને તેના નિવારણ માટે રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. શિક્ષણ મંત્રીશ્રીએ તેમનું નિવેદન ગૃહના મેજ ઉપર મૂક્યું.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું:

સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૩-સન ૧૯૬૫નું પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનું વિધેયક.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે પાર્લામેન્ટની ૭મી શતાબ્દી તાજેતરમાં ઉજવાઈ હતી તે અંગે ફોટાઓનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું છે અને તેનો લાભ લેવા સભ્યોને વિનંતી કરી.

૬. યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાની, નિયમ ૯૦ અન્વયેની ટૂંક સમયની ચર્ચા, સભાગૃહના કામકાજનો સમય પૂરો થતો હોવાથી મુલતવી રાખવામાં આવી.

### બુધવાર, ૮મી સપ્ટેમ્બર ૧૯૬૫

૧. સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૪૦૦, ૧૦૮૩૭, ૧૦૮૯૮, ૧૦૯૫૧, ૧૧૮૫૫, ૧૦૨૫૮, ૧૦૭૦૮, ૧૦૮૦૧, ૧૦૪૧૪, ૧૦૯૧૪, ૧૧૦૩૨, ૧૧૩૪૭, ૮૯૭૨, ૯૯૭૫, ૧૦૭૫૨, ૧૧૦૧૩, ૧૧૩૮૦, ૧૧૧૨૩, ૧૧૨૪૫, ૧૧૩૯૮, ૯૯૭૬, ૧૦૮૬૯, અને ૧૧૧૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોનો પ્રશ્ન ક્રમાંક ૧૦૭૩૪ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વડોદિયાએ, નિયમ ૯૪ અન્વયે, તાજેતરમાં ખેડા જિલ્લાના નવાગામ મુકામે સરકામ દરમિયાન તેલના કૂવામાંથી એકાએક ભારે દબાણ સાથે ગેસ અને તેલ મિશ્રિત કાદવ બહાર આવીને આજુબાજુના વિસ્તારમાં અને ખાસ કરીને તળાવમાં ફેલાતાં સ્થાનિક જીવનને પહોંચેલી અસર અને ત્યાંના લોકોને સંભવિત ભયમાંથી બચાવવા ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર આપવા તેમજ સ્થાનિક જીવન પૂર્વવત સ્થપાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં પંચાયત રાજ્ય દ્વારા લોકશાહી વિકેન્દ્રીકરણનો પ્રયોગ આરંભાયાને ત્રણ વર્ષ વીતી ગયાં છે અને લગભગ બધાં ગામડાંઓમાં ગ્રામ્ય પંચાયતો સ્થપાઈ ગઈ છે, છતાં ગામડાઓમાં ગ્રામતળની ખુલ્લી જમીનો ગ્રામ પંચાયતોને સોંપવામાં આવી જમીનાની વિતરણ વ્યવસ્થા તાલુકા પંચાયત હસ્તક મૂકવા અને ગ્રામતળની જમીનોની ઉપજતી કિંમત ગ્રામ પંચાયતોને આપવા ઘટિત પ્રબંધ કરવાની આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ મહેસૂલ મંત્રીશ્રીએ આપ્યો ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર થયો.

૪. વિ. સ. સ., શ્રી મગનભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્ય સરકારે ગુજરાત કપાસ નિયંત્રણ અધિનિયમ ૧૯૬૪ હેઠળ કડી, વિરમગામ, સાણંદ, ધોળકા વિ. તાલુકાઓના વિસ્તારને કલ્યાણ કપાસના વાવેતર માટેનો ઝોન જાહેર કર્યો છે. આ વિસ્તારના ખેડૂતોના અનુભવે એમ જણાયું છે કે તે વિસ્તારમાં કલ્યાણ કપાસનું વાવેતર માફક આવતું નથી અને કલ્યાણ કપાસના વાવેતર પછી બીજો અનાજનો પાક ઓછો ઉતરે છે. આથી ખેડૂતોને ઘણું આર્થિક નુકસાન થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે કપાસના વાવેતરના ઝોનની ફેર વિચારણા કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર થયો.

૫. વિ. સ. સ., શ્રી પ્રતાપરાય શાહે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યની મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને જગ્યાઓને અભાવે પ્રવેશ મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. અને પરિણામે રાજ્યમાં ડૉક્ટરોની અછત નિવારી શકાતી નથી. તેથી આ પરિસ્થિતિના નિવારણ માટે રાજ્યની મેડિકલ કોલેજોમાં જગ્યાઓ વધારવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા આ વિધાન-સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ આરોગ્ય મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી માનસિંહ નાયક વતી વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ પટેલના સંકલ્પ રજૂ કર્યો કે દીવ દમણ દાદરા અને નગર હવેલી વિસ્તારો ઘણા સમયથી ભારતનો ભાગ બન્યા છે અને તે વિસ્તારો કેન્દ્ર સરકાર હેઠળ છે. આ વિસ્તારો ગુજરાતના જ ભાગ હોવાથી તેઓને વિના વિલંબે ગુજરાત રાજ્યમાં સમાવવાની કાર્યવાહી હાથ ધરવા આ વિધાનસભાગૃહ કેન્દ્ર સરકારને વિનંતી કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ ગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

### ગુરૂવાર, ૯મી સપ્ટેમ્બર ૧૯૬૫

આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૩૦૩, ૧૦૭૦૯, ૧૦૦૨૭, ૧૦૮૨૭, ૧૧૦૮૪, ૧૦૫૭૧, ૯૩૧૮, ૮૦૮૭, ૧૦૭૪૭, ૧૦૫૦૧ (છેલ્લા બે સાથે) ૧૦૧૯૯, ૧૦૬૨૭, ૧૧૧૯૬, ૧૧૩૬૪, ૧૦૮૮૫, ૧૧૦૨૧, ૧૦૭૧૨, ૧૦૫૭૩, ૯૯૬૮, ૧૦૭૪૯, ૧૧૪૪૩, ૧૦૦૯૧, ૧૦૫૧૪ અને ૧૦૬૮૨ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યનો પ્રશ્ન ક્રમાંક ૧૧૩૭૨ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી વિજયસિંહજી ચૌહાણે છેલ્લા ત્રણ માસમાં રાજ્યમાં ફેલાયેલા કોલેરાના રોગચાળાના કારણે થયેલાં અનેક સખ્સોનાં મૃત્યુ અને રોગચાળાને અંકુશમાં લેવા માટે રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. આરોગ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાણા ઉપમંત્રીશ્રીએ પૂરક પત્રકની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી અને સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્તોની સુચના મોડામાં મોડી ક્યારે આપવી તે જાહેર કર્યું.

૪. નાણા ઉપમંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના તા. ૪થી સપ્ટેમ્બર ૧૯૬૨થી તા.૩૧મી માર્ચ ૧૯૬૪ના સમય માટેનું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી હરિરામ કોઠારીએ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે ૧૯૬૩-૬૪ના વર્ષ માટેના હિસાબો ઉપરનો ઓડિટ રિપોર્ટ સભાગૃહમાં રજૂ થયો ન હોવાથી તે વર્ષના અહેવાલની ચર્ચા ન થઈ શકે. ઉપાધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ચર્ચાનો જવાબ નાયબ નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ઉપાધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈએ સમિતિની ભલામણો માન્ય રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

### શુક્રવાર, ૧૦મી સપ્ટેમ્બર ૧૯૬૫

તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ મુલતવી રાખવામાં આવેલ ટકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૯૨૭૪, ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૯૫, ૧૦૭૬૮, ૧૧૨૬૨, ૧૦૬૪૮, ૧૦૨૩૦, ૧૦૩૩૨, ૧૦૪૧૨, ૧૦૪૮૧, (છેલ્લા ચાર સાથે) ૧૦૩૪૭, ૧૦૪૫૦, ૧૧૧૧૨, ૧૧૪૩૭, ૧૦૮૬૯, ૧૧૪૧૨, ૧૧૪૪૫, ૧૧૨૬૫, ૧૦૩૪૪, ૧૧૩૦૨, ૧૧૨૬૬, ૧૧૦૧૭, ૧૧૪૧૫, ૧૧૪૯૪, અને ૧૧૧૪૮ના જવાબ આપવામાં આવ્યા.

**ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૧૫૨૪ અતારાંકિત ગણવામાં આવ્યો**

પ્રશ્ન ક્રમાંક ૯૮૦૩ મુલતવી રાખવામાં આવ્યો.

નાયબ શિક્ષણ મંત્રીશ્રીએ તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ પ્રશ્ન ક્રમાંક ૧૦૫૧૪, અંગે તેમણે આપેલા જવાબ બાબત સ્પષ્ટતા કરી.

૨. વિ. સ. સ., શ્રી યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ, નિયમ ૯૪ અન્વયે, સુરતના જરી અને આર્ટસિલ્ક ઉદ્યોગોમાં ઉભી થએલી કટોકટીને કારણે બેકાર બનેલા લગભગ ૫૦૦૦ કામદારો અને તે બાબતમાં રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ મજૂર ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. મજૂર ખાતાના મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાયબ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૫-૬૬ના ખર્ચના પૂરક પત્રકમાં જે માટે પૂરક માગણી-ઓનો સમાવેશ કર્યો નથી તેવી આકસ્મિક ખર્ચ નિધિમાંથી તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ સુધી મંજૂર કરેલ પેશગીઓ દર્શાવતું વિવરણપત્રક સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૪. નાયબ નાણા મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય નાણાકીય મંડળનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. મજૂર મંત્રીશ્રીએ ગુજરાત કામદાર કલ્યાણ મંડળનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ મજૂર મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

**બુધવાર, ૧૫મી સપ્ટેમ્બર ૧૯૬૫**

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૨૬૨૩, ૧૨૬૫૫, તા. ૧લી એપ્રિલ ૧૯૬૫ના રોજ મુલતવી રહેલ પ્રશ્ન ક્રમાંક ૮૩૯૩ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ મુલતવી રહેલ પ્રશ્ન ક્રમાંક ૯૬૩૯, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ મુલતવી રહેલ પ્રશ્ન ક્રમાંક ૧૦૨૨૭ તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૦૮૪, ૧૦૨૪૩, ૧૦૭૨૧, ૧૧૨૪૨ ૧૦૫૬૯, ૧૧૧૩૪, ૧૧૧૯૯, ૧૧૧૮૨, ૧૦૩૩૦, ૧૦૬૬૪, ૧૦૮૯૦, ૧૧૨૫૧, ૧૧૭૧૭, ૧૧૪૧૧, ૧૧૪૯૧, ૧૦૩૯૨, ૧૧૧૫૩, ૧૧૦૩૮, ૧૧૬૯૦, ૧૧૫૮૧, ૧૧૮૫૫ અને ૧૧૬૦૮ના જવાબ આપવામાં આવ્યા.

તા. ૨જી સપ્ટેમ્બર ૧૯૬૫ના મુલતવી રહેલ પ્રશ્ન ક્રમાંક ૧૦૨૫૭, તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૦૪, ૧૧૩૮૮, ૧૧૫૫૦, પ્રશ્નોની સૂચના આપનાર સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકત ગણવામાં આવ્યા.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. વિ. સ. સ., યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજાએ, નિયમ ૯૪, અન્વયે, રાજ્યમાંથી ખાદ્યતેલ અને મગફળીની નિકાસબંધી જાહેર થયા બાદ વેજીટેબલ ઘીના કારખાનાંવાળાઓ અને બીજાં રાજ્યના વેપારીઓ તરફથી આ રાજ્યમાંથી કપાસીઆની મોટા પ્રમાણમાં થઈ રહેલી ખરીદીને પરિણામે રાજ્યમાં કપાસીઆની તંગી અને ભાવ વધારાનો ઉભો થયેલો ભય અને તે રોકવા રાજ્ય સરકારે લીધેલાં સાવચેતીનાં પગલાં તરફ કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. કૃષિ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. વિશેષાધિકાર સમિતિના પ્રમુખશ્રીએ સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

૪. મુખ્ય મંત્રીશ્રીએ ચોથી પંચવર્ષીય યોજનાનો ખરડો રજૂ કર્યો.

૫. હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" અને " ૩૫ ઉદ્યોગો " અન્વયેની પૂરક માંગણીઓ રજૂ કરવામાં આવી. શ્રી નારણદાસ પોપટે તેમની બે કાપદરખાસ્તો રજૂ કરી. કાપદરખાસ્તો તેમજ પૂરક માંગણીઓ ઉપર સામાન્ય ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો.

શ્રી નારણદાસ પોપટની બંને કાપદરખાસ્તો ગૃહની પરવાનગીથી, પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ પૂરક માગણીઓ મત માટે મૂકવામાં આવી મંજૂર કરવામાં આવી.

૬. હિસાબના મુખ્ય સદર " ૨૧- ન્યાયતંત્રનો વહીવટ " અને " ૨૩ પોલીસ " અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. પૂરક માગણીઓ ઉપર ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ ગૃહ મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ પૂરક માગણીઓ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

## ગુરૂવાર, ૧૬મી સપ્ટેમ્બર ૧૯૬૫

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૨૬૫૧ તેમજ અગિયારમી તારાંકત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૪૩૭, ૧૦૯૬૧, ૧૧૦૬૯, (છેલ્લા બે સાથે ) ૧૦૩૧૭, ૧૧૨૬૦, ૧૧૦૨૨, ૧૦૧૭૫, ૧૧૦૧૪, (છેલ્લા બે સાથે ), ૧૦૫૩૦, ૧૦૮૩૦, ૧૦૯૦૬, ૧૧૦૬૪, ૧૧૧૨૨૪, ૧૧૧૯૫, ૧૦૫૧૭, ૯૯૦૬, ૧૦૫૫૦, ૧૧૪૭૧, ૧૧૫૯૬, ૧૧૬૨૭, ૧૧૩૪૫, ૧૧૧૯૭, ૧૧૫૫૮, ૧૧૯૨૨, અને ૧૧૯૭૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૧૧૪૫૨ અતારાંકત ગણવામાં આવ્યો.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. અધ્યક્ષશ્રીએ પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની ઝોનલ સલાહકાર સમિતિ ઉપર કામ કરવા માટે એક પ્રતિનિધિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૩. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો ચોવીસમો અહેવાલ સમિતિના સભ્ય શ્રી ઈશ્વરલાલ દેસાઈએ રજૂ કર્યો .ત્યારબાદ તેમણે અહેવાલ સ્વીકારવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે માન્ય થયો.

૪. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૬૩-૬૪નો વહીવટી અહેવાલ, સન ૧૯૬૪-૬૫નો સુધારેલા અંદાજ તથા સન ૧૯૬૫-૬૬નો અંદાજ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૫. જાહેર બાંધકામ અને બંદરો ખાતાંના મંત્રીશ્રીએ પશ્ચિમ રેલ્વેના મુંબઈ વિભાગ, અજમેર વિભાગ, રાજકોટ વિભાગ, ભાવનગર વિભાગ અને વડોદરા વિભાગની રેલ્વેના ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિ ઉપર ચૂંટણીની તારીખથી બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી અથવા સદરહુ સમિતિની જે તારીખે ફરીથી રચના કરવામાં આવે ત્યાં સુધીની બેમાંથી જે મુદત પહેલી પૂરી થતી હોય તે મુદત સુધી કામ કરવા માટે એકેક પ્રતિનિધિની ચૂંટણીનું કામ હાથ ધરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મંજૂર થયો. અધ્યક્ષશ્રીએ ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૬. હિસાબના મુખ્ય સદર "૨૬ પરચૂરણ ખાતાં, અંગેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. શ્રી નારણદાસ પોપટે તેમની કાપ દરખાસ્ત રજૂ કરી. ત્યારબાદ **કાપદરખાસ્ત અને** પૂરક માંગણી ઉપર સામાન્ય ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ જાહેર બાંધકામ અને નાગરિક પુરવઠા ખાતાંના મંત્રીશ્રીએ આપ્યો. શ્રી નારણદાસ પોપટની ગેરહાજરીમાં કાપદરખાસ્ત સભાગૃહ સમક્ષ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી. ત્યારબાદ પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૭. હિસાબના મુખ્ય સદરો "૩૧-ખેતી " અને "૩૩- પશુપાલન" અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. શ્રી નારણદાસ પોપટે "૩૩-પશુપાલન" અંગેની પૂરક માગણી ઉપર એક કાપદરખાસ્ત રજૂ કરી. ત્યારબાદ બન્ને પૂરક માગણીઓ તથા કાપદરખાસ્ત ઉપર એક સાથે ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. હિસાબના સદર "૩૧-ખેતી " અંગેની પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી. વિ. સ. સ., શ્રી નારણદાસ પોપટની કાપદરખાસ્ત મત માટે મૂકવામાં આવી અને નામંજૂર થઈ. ત્યારબાદ હિસાબના સદર "૩૩-પશુપાલન " અન્વયેની પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૮. હિસાબના મુખ્ય સદર " ૩૪-સહકાર " અંગેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. શ્રી નારણદાસ પોપટે તેમની કાપ દરખાસ્ત રજૂ કરી. કાપદરખાસ્ત અને પૂરક માગણી ઉપર સામાન્ય ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ પંચાયત અને સહકાર ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. શ્રી નારણદાસ પોપટની કાપદરખાસ્ત સભાગૃહની પરવાનગીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૯. હિસાબના મુખ્ય સદર "૭૧-પરચૂરણ " અંગેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. પૂરક માગણી ઉપર સામાન્ય ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ સહકાર ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ પૂરક માગણી મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૧૦. બપોરે ૩-૦૦ વાગે બાકીની બધી પૂરક માગણીઓ સભાગૃહ સમક્ષ **એક પછી એક** મત માટે મૂકવામાં આવી અને તે કોઈપણ ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

**શુક્રવાર, ૧૭મી સપ્ટેમ્બર ૧૯૬૫**

૧. ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ મળેલ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સમિતિના સભ્ય, શ્રી ઈશ્વરલાલ દેસાઈ ઉપરોકત સમિતિની ભલામણો માન્ય રાખવા બાબતનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજૂ કર્યો જે મંજર કરવામાં આવ્યો.

૩. નીચેના સરકારી વિધેયકો મંજૂર કરવામાં આવ્યાં.—

(૧) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૪—સન ૧૯૬૫નું ગુજરાત (બીજું પૂરક) વિનિયોગ વિધેયક.

(૨) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૨—સન ૧૯૬૫નું ગુજરાત ગણોત વહીવટ જન કાયદા (સંરક્ષણ દળનાં નાકરો ) બાબતનું (સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૩-સન ૧૯૬૫નું ગુજરાત હોમયોપેથિક (સુધારા) વિધેયક.

૪ વિશેષાધિકાર સમિતિના સભ્ય યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ સમિતિનો સાતમો અહેવાલ વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજુ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર થયો.

૫. વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ નીચેના પ્રસ્તાવો રજૂ કર્યા:—

(૧) રાજ્ય તરફના કાઉન્સેલને કમિશ્નર સમક્ષ રજુ કરવા માટે પ્રશ્ન ક્રમાંક ૪૭૮૪ તથા ગૃહ અને નાગરિક પૂરવઠા ખાતાના તા. ૪થી જુલાઈ ૧૯૬૩ના સરકારી પત્ર ક્રમાંક એલ. એ. ક્યુ. ૪૭૮૪- સી. ૩૧૮૦૪-સી-નીનકલ આપવા પરવાનગી આપવામાં આવે.

(૨) સભાગૃહ સમક્ષ જે પ્રસ્તાવ જે તે પૂરતો, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૦નો પેટા નિયમ (૧) લાગુ ન પાડવામાં આવે.

બીજો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાના ટૂંક પ્રવચન બાદ મુખ્ય પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રીમતી હીરાબેન નીનામા વતી વિ. સ. સ. શ્રી નાગજીભાઈ ગો. આર્ય સંકલ્પ રજુ કર્યો કે વડોદરા જિલ્લાના સિનોર અને કરજણ તાલુકાના નર્મદા નદીને કાંઠે આવેલા કેટલાક ગામોમાં દર વર્ષે મોટા પ્રમાણમાં ગામતળમાં ધોવાણ અને ભંગાણ થઈ રહ્યાં છે. તેથી આ ગામોને બચાવી લેવા એક યોજના તૈયાર કરીને પૂર નિયંત્રણ મંડળના કાર્યક્ષેત્રમાં સમાવી લેવા આ વિધાન-સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા નો જવાબ જાહેર બાંધકામ ખાતાના મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ ગૃહની પરવાનગીથી સકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ.. શ્રી માનસિંહ નાયબ વતી વિ. સ. સ., શ્રી શામળભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે કોયલી રિફાઈનરી કામ કરતી શરૂ થાય તેની સાથે તેમાંથી ઉત્પન્ન થતા ઔદ્યોગિક કાચા માલનાં કારખાનાઓની સ્થાપના થાય તો જ ગુજરાત રાજ્યને આર્થિક લાભ થશે. પરંતુ હજુ સુધી સરકાર તરફથી આડ પેદાશોમાં કયા ઉદ્યોગો ખાનગી ક્ષેત્રે અને કયા ઉદ્યોગો જાહેર ક્ષેત્રે કરવાના છે તેની કોઇ સ્પષ્ટતા બહાર પાડવામાં આવી ન હોવાથી કોયલી રિફાઈનરીની આડ પેદાશો રાજ્ય બહાર સ્થપાયેલા ઉદ્યોગોમાં ખેંચાઈ જવાની શકયતા ઉભી થઈ છે. આ પારસ્થિતિના નિવારણ માટે આ રિફાઈનરી દ્વારા ઉત્પન્ન થનાર દરેક જાતના કાચા માલના ઉપયોગ કરતા ઉદ્યોગો અંગેની નીતિ, કેન્દ્રસરકાર સાથે મસલત કરીને, તાકીદે નકકી કરવા જરૂરી પગલાં વા લેઆ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ ગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૮. વિ. સ. સ., . શ્રી. ગોસાઈભાઈ પટેલનો સંકલ્પ ક્રમાંક-૧૩૬ સભ્યશ્રીની ગેરહાજરીના કારણે ચર્ચા માટે લેવામાં આવ્યો નહિ;

૯. વિ. સ. સ., શ્રી પુરૂષોતમ ચૌહાણે સંકલ્પ રજૂ કર્યો કે વડોદરા જિલ્લાના સિનોર અને કરજણ તાલુકાઓ નર્મદા નદીને કાંઠે આવેલા હોવા છતાં અને ત્યા સિંચાઈની વ્યવસ્થા થઈ શકે તેમ છે છતાં તે વિસ્તારોમાં સિંચાઈની વ્યવસ્થા કરાઈ નથી. તેથી તે વિસ્તારોમાં સહકારી પિયત મંડળીઓને અને પંપ માલિકોને સિંચાઈ માટે વીજળી આપવાની વ્યવસ્થા સહિત નદીના પાણી દ્વારા સિંચાઈ વ્યવસ્થા કરવા તેમજ જ્યાં નદીનું પાણી આપવાનું શકય ન હોય ત્યાં પાતાળ કૂવા કરવાની વ્યવસ્થા કરવા માટે આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ ચર્ચાનો જવાબ નાયબ સિંચાઈ મંત્રીશ્રીએ આપ્યો. ત્યારબાદ સભ્ય શ્રી પુરૂષોત્તમ ચૌહાણે તેમનો સંકલ્પ પાછો ખેંચી લેવા પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકાતાં વિ. સ. સ., શ્રી બાબુભાઈ વૈદ્યે વિભાજનની માગણી કરી. તરફેણમાં ૮૨ અને વિરૂધ્ધમાં ૧૯ મતો મળતાં, સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવી.

૧૦. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૩૧મી ઓગસ્ટ ૧૯૬૫ના રોજ વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉઠાવેલા ઔચિત્ય ભંગના મુદ્દા અંગે ગૃહ મંત્રીશ્રી જે અમુક શબ્દો બોલ્યા હતા તે તે દિવસની કાર્યવાહીમાંથી રદ કરવાનું તેમણે નક્કી કર્યું છે.

૧૧. અધ્યક્ષશ્રીએ સૂચન કર્યું કે હાલની કટોકટીને ધ્યાનમાં લઈ સભ્યશ્રીઓ ફક્ત મહત્ત્વની બાબતોને લગતા પ્રશ્નોની જ સૂચના આપે એ ઈચ્છનીય છે.

૧૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સરકારે વિરોધ પક્ષના નેતા અને બીજા જૂથના નેતાઓની સાથે ચર્ચા કરીને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૫ અન્વયે વિનંતી કરી છે કે સભાગૃહની બેઠક આજથી મુલતવી રાખવી અને તા. ૭મી ઓક્ટોબરના રોજ ફરી મળવું તેથી નિયમ ૫ અન્વયે સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે છે.

### ગુરૂવાર, ૭મી ઓક્ટોબર, ૧૯૬૫

ગુજરાતના સદ્‌ગત મુખ્ય મંત્રી, શ્રી બળવંતરાય મહેતાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલી આપવામાં આવી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતના માનમાં સભાગૃહ આજના દિવસે મુલતવી રાખવામાં આવશે

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે હવે પછીનું સત્ર તા. ૧૫મી નવેમ્બર, ૧૯૬૫ના રોજ બોલાવવા રાજ્યપાલશ્રીને ભલામણ કરવાનું સરકાર વિચારી રહી છે. ચોક્કસ તારીખ નક્કી થયે જણાવવામાં આવશે

અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્ત કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

### પત્રક ક્રમાંક--૨

#### જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક

| સમિતિનું નામ | સભ્યનું નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| અરજી સમિતિ. | ૧ શ્રી પ્રેમજી થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષ, પ્રમુખ | તા. ૨--૯--૬૫ |
| | ૨ શ્રી બાબુભાઈ શીવરામ પટેલ | |
| | ૩ શ્રીમતી શાંતાબેન યોગેન્દ્રકુમાર મકવાણા | |
| | ૪ શ્રી બીપીનચંદ્ર મહાશંકર ભટ્ટ | |
| | ૫ શ્રી દેવકરણ જીવણલાલ પોરાણિયા | |

### પત્રક ક્રમાંક--૩

#### અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ

| અનુક્રમાંક | સભ્યોનાં નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ | તા. ૨ જી સપ્ટેમ્બર, |
| ૨. | શ્રી રમણિકલાલ ત્રિકમલાલ મણિયાર | ૧૯૬૫. |
| ૩. | શ્રીમતી મદીનાબેન નાગોરી | |
| ૪. | શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા | |

## પત્રક ક્રમાંક--૪

### જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી

| અનુક્રમાંક | સમિતિનું નામ | સભ્યોનાં નામ | ચૂંટણીની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પશ્ચિમ રેલ્વેની પ્રાદેશિક રેલ્વેનો ઉપયોગ કરનારાઓની ઝોનલ સલાહકાર સમિતિ. | શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ કોન્ટ્રાકટર. | તા. ૧૬--૯--૬૫ |
| ૨: | પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિ. | મુંબઈ વિભાગ— શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલ. | તા. ૭--૧૦--૬૫ |
| | | અજમેર વિભાગ- શ્રી સુરજમલ માવજીભાઈ શાહ. | " |
| | | વડોદરા વિભાગ - શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટીયા. | " |
| | | રાજકોટ વિભાગ - શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમાર. | " |
| | | ભાવનગર વિભાગ - શ્રી લલ્લુભાઈ મોતીચંદ શેઠ. | " |

પત્રક ક્રમાંક—૫

# સરકારી વિધેયકો

**પત્રક**

**સરકારી**

| અનુક્રમ | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સન ૧૯૬૩નું વિ. સ. વિધેયક ક્રમાંક ૭૦-સન ૧૯૬૩નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ બાબતનું (સંશોધન) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતિ ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. | |
| ૨. | સન ૧૯૬૪નું વિધાન સભા વિધેયક ક્રમાંક ૧૫-સન ૧૯૬૪નું ગુજરાત નગર અને ગ્રામ્ય પ્રદેશના આયોજન બાબતનું વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી સહકાર | |
| ૩. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨-સન ૧૯૬૫નું મુંબઈ જમીન મહેસૂલ (કચ્છ વિસ્તારને લાગુ પાડવા અને સુધારવા) બાબતનું વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી મહેસૂલ | ૩-૯-૬૫ |
| ૪. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૬-સન-૧૯૬૫નું મુંબઈ બાળક (કચ્છ વિસ્તારને લાગુ પાડવા) બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ | ૩-૯-૬૫ |
| ૫. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૬૫નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસુલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, મહેસૂલ | ૬-૯-૬૫ |
| ૬. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૩-સન ૧૯૬૫નું પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. | ૭-૯-૬૫ |
| ૭. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૦-સન ૧૯૬૫નું ગુજરાત જમીન સત્તાપ્રકાર નાબૂદ કરવા બાબતના કાયદાઓ (સુધારવા) બાબતનું વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ. મંત્રીશ્રી મહેસૂલ. | ૩-૯-૬૫ |

**ક્રમાંક ૫**

**વિધેયકો**

| પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા: જેની સૂચના મળી | સુધારા: જે રજૂ કરવામાં આવ્યાં | સુધારા: જે પસાર કરવામાં આવ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| — | — | — | — | — | — | |
| — | — | — | ૨૨ | ... | ... | |
| ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૩ | ... | ... | |
| ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૧ | ૧ | ૧ | |
| ૬-૯-૬૫ | ૬-૯-૬૫ | ૬-૯-૬૫ | ૫ | ૫ | ૧ | |
| ૭-૯-૬૫ | ૭-૯-૬૫ | ૭-૯-૬૫ | ૧ | ૧ | ૧ | |
| ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૧ | ૧ | ૧ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૮ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૩-સન ૧૯૬૫નું પ્રસૂતિ સહાયતા (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અન મજૂર ખાતું | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. | ૩-૯-૬૫ |
| ૯ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૮-સન ૧૯૬૫નું સૂરત યુનિવર્સિટી બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતી ચીમન-લાલ, મંત્રીશ્રી, શિક્ષણ. | |
| ૧૦ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯-સન ૧૯૬૫નું ગુજરાત રાજમાર્ગો બાબતનું વિધેયક. | જાહેર બાંધકામ ખાતું | શ્રી વિજયકુમાર ત્રીવેદી, મંત્રીશ્રી, જાહેર બાંધકામ. | |
| ૧૧ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૦-સન ૧૯૬૫નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. | |
| ૧૨ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૧-સન ૧૯૬૫નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ બાબતનું (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | ઈન્દુમતી ચીમન લાલ, મંત્રીશ્રી, શિક્ષણ. | |
| ૧૩ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૨-સન ૧૯૬૫નું ગુજરાત ગણોત વહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતનું (સુધારા) વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, ખેતીવાડી. | ૧૭-૯-૬૫ |
| ૧૪ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૩-સન ૧૯૬૫નું ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. | ૧૭-૯-૬૫ |
| ૧૫ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૬૫નું ગુજરાત (બીજું પૂરક) વિનિયોગ વિધેયક. | નાણાં ખાતું. | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, ગૃહ. | ૧૭-૯-૬૫ |
| ૧૬ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૫-સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (બીજા સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય ખાતું. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. | |
| ૧૭ | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૬-સન ૧૯૬૫નું ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ ખાતું. | શ્રી વિજયકુમાર ત્રીવેદી, મંત્રીશ્રી જાહેર બાંધકામ. | |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | ૩-૯-૬૫ | — | — | — | |
| — | — | — | — | — | — | |
| ... | ... | ... | ... | ... | ... | |
| ... | ... | ... | ... | ... | ... | |
| ... | ... | ... | ... | ... | ... | |
| ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | — | — | ... | |
| ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | ... | ... | ... | |
| ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | ૧૭-૯-૬૫ | ... | ... | ... | |
| ... | ... | ... | ... | ... | ... | |
| ... | ... | ... | ... | ... | ... | |

## પત્રક ક્રમાંક--૬
## રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

| અનુક્રમ | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ. | પ્રભારી સભ્યનું નામ. | રજૂ કર્યાની તારીખ | વિધેયકના ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૫નું ગુજરાત પ્રાણીઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક | ગૃહ અને નાગરિક પુરવઠા ખાતું | શ્રી નાગજીભાઈ ગો. આર્ય, વિ. સ. સ. | ૨-૯-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૩૭. તા. ૨૮-૧૦-૬૫ | |
| ૨. | સન ૧૯૬૫નું અટકાયતી નજરકેદ (ગુજરાત સુધારા) વિધેયક | ગૃહ અને નાગરિક પુરવઠા ખાતું | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિ. સ. સ. | ૨-૯-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૩૮. તા. ૨૮-૧૦-૬૫ | |
| ૩. | સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય ખાતું | શ્રી છબીલદાસ પ્રા. મહેતા, વિ. સ. સ. | ૨-૯-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૩૯. તા. ૨૮-૧૦-૬૫. | |
| ૪. | સન ૧૯૬૫નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિ. સ. સ. | ૨-૯-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૪૦. તા. ૨૮-૧૦-૬૫. | |
| ૫. | સન ૧૯૬૫નું ગુજરાત ગૃહનિર્માણ મંડળ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ ખાતું | શ્રી ગંગારામ ચુ. રાવળ, વિ. સ. સ. | | | પ્રભારી સભ્ય તા: ૨-૯-૬૫ના રોજ હાજર ન હોવાથી વિધેયક રજૂ થયું ન હતું. |

## પત્રક ક્રમાંક--૭

### પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન સરકારી વિધેયકો

| અનુક્રમ | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ. | પ્રભારી સભ્યનું નામ. | વિધેયક અંગે પ્રસ્તાવો. પ્રસ્તાવ | તારીખ | શેરો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧: | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૪-સન ૧૯૬૪નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક. | ઉદ્યોગ ખાતું | શ્રી છોટાભાઈ જી. પટેલ, વિ. સ. સ. અને શ્રી વિરૂમલ ખુ. તારાચંદાની, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યા | ૨-૯-૬૫ | |
| ૨. | સને ૧૯૬૫નું વિ. સ. સ. વિધેયક ક્રમાંક-૨૫-સન ૧૯૬૪નું ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો (ગુજરાત સુધારા) વિધેયક | કાયદા ખાતું | શ્રી સુરજમલ મા, શાહ, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો | ૨-૯-૬૫ | |
| ૩: | સને ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૬-સન ૧૯૬૪નું ગુજરાત ગૃહનિર્માણ મંડળ (સુધારા) વિધેયક | જાહેર બાંધકામ ખાતું | શ્રી મનુભાઈ હ. પાલખીવાલા, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. અસ્વીકાર કરવામાં આવ્યો. | ૨-૯-૬૫ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૪. | સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૭-સન ૧૯૬૫નું ગુજરાત **શિક્ષણ** ઉપકર (સુધારા) વિધેયક | નાણા ખાતું | શ્રી ગંગારામ ચુ. રાવળ, વિ. સ. સ. અને શ્રી શાન્તુભાઈ ચુ. પટેલ, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ **રજૂ** કર્યો કે આ વિધેયક પાછું ખેંચી લેવાની **રજા** આપવામાં આવે આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૨-૯-૬૫ | |

## પત્રક ક્રમાંક--૮

### સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માંગણીઓની સંખ્યા. | જે પુરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી તેની સંખ્યા અને હિસાબનાં સદરો | ચર્ચા વગર પસાર (ગીલેટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા | શેરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | કુલ ૯ પૂરક માગણીઓ | | |
| ૨૭. | ૧. ૧૯—સામાન્ય વહીવટ<br>૨. ૨૧—ન્યાયતંત્રનો વહીવટ<br>૩. ૨૩—પોલીસ<br>૪. ૨૬—પરચુરણ ખાતાં<br>૫. ૩૧—ખેતી<br>૬. ૩૩—પશુપાલન<br>૭. ૩૪—સહકાર<br>૮. ૩૫—ઉદ્યોગો<br>૯. ૭૧—પરચૂરણ | ૧૮ | — |

## પત્રક ક્રમાંક--૯

### સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપર કાપ દરખાસ્તો

| ક્રમાંક | પૂરક માગણીઓ | કાપ દરખાસ્તની સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલી | નામંજૂર કરેલી | પાછી ખેંચી લીધેલી | રજૂ કરેલી | રજૂ નહિ કરેલી | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | ૧૯-સામાન્ય વહીવટ | ૧ | ૧ | — | — | ૧ | — | ચર્ચાને અંતે પાછી ખેંચી લીધી | — |
| ૨. | ૨૬-પરચૂરણ ખાતાં | ૧ | ૧ | — | — | ૧ | — | મત લેવાતાં નામંજૂર થઈ | — |
| | | | | | | | | ” | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | ૨૮-શિક્ષણ | ૧ | ૧ | — | — | — | ૧ | — | — |
| ૪. | ૩૩-પશુ-પાલન | ૧ | ૧ | — | — | ૧ | — | મત લેવાતાં નામંજૂર થઈ | — |
| ૫. | ૩૪-સહકાર | ૧ | ૧ | — | — | ૧ | — | ચર્ચાને અંતે પાછી ખેંચી લીધી | — |
| ૬. | ૩૫-ઉદ્યોગો | ૧ | ૧ | — | — | ૧ | — | ,, | — |
| | કુલ | ૬ | ૬ | — | — | ૫ | ૧ | — | — |

## પત્રક ક્રમાંક--૧૦

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રી ને કે ખાતાને મોકલેલા | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયના અભાવે ગૃહમાં રજૂ થયા ન હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યો હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | તારાંકિત | ૧૦૨૭ | ૪૫૬ | ૪ | ૧૧૩ | ૬ | ૪૪૮ | * ૨ | ૧૫૧ | *૪૪ | |
| ૨. | અતારાંકિત | ૪૭ | ... | ... | ... | ... | ૪૭ | ** ... | ૨૭ | ... | |
| ૩. | ટૂંકી મુદતના | ૬૮ | ૨૨ | ... | ... | ૫ | @૧૯ | ૪ | ૫ | ૨૧.૦૫ | |

@ આ ઉપરાંત ૨૨ પ્રશ્નો તારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યાં હતાં.

* આ ઉપરાંત આગળના ૨૭૩ પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમ્યાન આપવામાં આવ્યાં.

** આગળના વખતના ૧૨૦ અતારાંકિત પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમ્યાન આપવામાં આવ્યાં.

# પત્રક ક્રમાંક--૧૧

## તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડા)

| ક્રમાંક | ખાતાનું નામ | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રી કે સરકારને મોકલાવેલ | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયના અભાવે ગૃહમાં રજુ થયા ન હોય તેવા જવાબો | ગૃહમાં જવાબ આપ્યો હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીવટ | ૩૯ | ૨૧ | ... | ૪ | ... | ૧૪ | ... | ૨ | ... | |
| ૨. | નાણાં | ૧૬ | ૯ | ... | ૧ | ... | ૬ | ૧ | ૩ | ૧૬.૬ | |
| ૩. | કાયદા | ૧૫ | ૬ | ... | ૧ | ... | ૮ | ... | ૪ | ... | |
| ૪. | જાહેર બાંધકામ | ૧૨૯ | ૬૫ | ૨ | ૧૩ | ... | ૪૯ | ... | ૨૨ | ... | |
| ૫. | પંચાયત અને આરોગ્ય | ૧૩૯ | ૬૨ | ૧ | ૧૩ | ૧ | ૬૨ | ... | ૧૬ | ... | |
| ૬. | મહેસૂલ | ૧૨૫ | ૫૮ | ... | ૧૫ | ... | ૫૨ | ... | ૧૪ | ... | |
| ૭. | શિક્ષણ અને મજૂર | ૧૪૩ | ૫૮ | ૧ | ૨૦ | ... | ૬૪ | ... | ૧૪ | ... | |
| ૮. | ગૃહ અને નાગરિક પુરવઠા | ૨૨૫ | ૯૪ | ... | ૨૬ | ૧ | ૧૦૪ | ૧ | ૪૫ | ૦.૯૬ | |
| ૯. | ઉદ્યોગ | ૬૧ | ૨૬ | ... | ૫ | ... | ૩૦ | ... | ૧૦ | ... | |
| ૧૦. | ખેતીવાડી અને સહકાર | ૧૩૫ | ૫૭ | ... | ૧૫ | ૪ | ૫૯ | ... | ૨૧ | ... | |
| | કુલ. ... | ૧૦૨૭ | ૪૫૬ | ૪ | ૧૧૩ | ૬ | ૪૪૮ | ૨ | ૧૫૧ | ૧૭.૦૨ | |

Hb-3894-5

## પત્રક ક્રમાંક--૧૨

### અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં)

| ક્રમાંક | ખાતાનું નામ | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રી કે સરકારને મોકલાયેલ | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયના અભાવે ગૃહમાં રજૂ થયા ન હોય તેવા જવાબો | ગૃહમાં જવાબ આપ્યો હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીવટ | ૧ | ... | ... | ... | ... | ૧ | ... | ... | ... | |
| ૨. | નાણાં | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... | |
| ૩. | કાયદા | ૧ | ... | ... | ... | ... | ૧ | ... | ... | ... | |
| ૪. | જાહેરબાંધકામ | ૪ | ... | ... | ... | ... | ૪ | ... | ૪ | ... | |
| ૫. | પંચાયત અને આરોગ્ય | ૬ | ... | ... | ... | ... | ૬ | ... | ૪ | ... | |
| ૬. | મહેસૂલ | ૩ | ... | ... | ... | ... | ૩ | ... | ૧ | ... | |
| ૭. | શિક્ષણ અને મજૂર | ૪ | ... | ... | ... | ... | ૪ | ... | ૧ | ... | |
| ૮. | ગૃહ અને નાગરિક પૂરવઠા | ૧૭ | ... | ... | ... | ... | ૧૭ | ... | ૧૨ | ... | |
| ૯. | ઉદ્યોગ | ૧ | ... | ... | ... | ... | ૧ | ... | ... | ... | |
| ૧૦. | ખેતીવાડી અને સહકાર | ૧૦ | ... | ... | ... | ... | ૧૦ | ... | ૫ | ... | |
| | કુલ ... | ૪૭ | ... | ... | ... | ... | ૪૭ | ... | ૨૭ | ... | |

## પત્રક ક્રમાંક--૧૩

### બિન સરકારી સંકલ્પો

| | |
|---|---|
| ૧. ફાળવેલા દિવસોની સંખ્યા | ૨ |
| ૨. સંકલ્પોની મળેલી સૂચનાઓની સંખ્યા. | ૨૧૪ |
| ૩. દાખલ ન થયેલ સંકલ્પોની સંખ્યા | ૧૬ |
| ૪. દાખલ કરવામાં આવેલા સંકલ્પોની સંખ્યા | ૧૯૭ |
| ૫. બેલેટ કાઢતાં પહેલાં પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૬. બેલેટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા— | |
| (૧) પહેલા દિવસ માટે | ૧૫૦ |
| (૨) બીજા દિવસ માટે | ૧૪૬ |
| ૭. રજુ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૮. નિયમ ૪૩ (૨) અને ૯૮ અનુસાર રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૨ |
| ૯. રજુ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૪૪ સંકલ્પો આવા જ હતા) | ૫ |
| ૧૦. રજુ કરવામાં આવેલા, પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૧૭ સંકલ્પો આવા જ હતા) | ૨ |
| ૧૧ રજુ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા | — |
| ૧૨ સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧૨૬ |

## પત્રક ક્રમાંક--૧૪

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વિગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| *૧૫ | ૬ | *૯ | †૧. અનાજ અને ખાદ્ય તેલના ભાવોમાં થયેલા વધારા બાબત | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ : શ્રી મગનભાઈ વાં. પટેલ. | ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૫ / દોઢ કલાક |
| | | | ૨. સિમેન્ટની તંગી નિવારવા બાબત | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | સમયના અભાવે સુચના ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |
| | | | ૩. નર્મદા યોજના અંગે મહારાષ્ટ્ર અને મધ્ય-પ્રદેશની સરકારોએ કરેલી સમજુતી બાબત | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | ,, |
| | | | ૪. અમદાવાદમાં કામદાર વીમા યોજના હેઠળ દવાઓ અંગે કામદારોમાં ફેલાયેલા અસં-તોષ બાબત | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | ,, |
| | | | *૫. તા. ૩૦-૬-૧૯૬૫ના રોજ ચોરવાડમાં શ્રી ગઢીઆએ કરેલા અગ્નિસ્નાન બાબત | શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલ : શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ : શ્રી નરભેશંકર ના. પાણેરી | ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ / બે કલાક |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| | | ૬. | ધોરણ ૫, ૬ અને ૭માં અંગ્રેજી શીખવવા માગતી શાળાઓને ફી વધારવાની છુટ આપવાથી ઉભી થતી પરિસ્થિતિ બાબત. | યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | સમયને અભાવે સૂચના ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |
| | | ૭. | સરકારની જાહેરાત પછી પણ ઘાસીયા જમીન પૈકી કેટલીક જમીન ખેતી નીચે નહીં મુકવાથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | સમયને અભાવે સૂચના ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |

* આમાં નિયમ ૮૬ હેઠળ આવેલી પરંતુ જેને તેજ વિષયની નિયમ ૯૦ હેઠળની સૂચના સાથે જોડીને દાખલ કરવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે.

† બે જુદી જુદી સૂચનાઓને એકત્રિત કરીને બન્ને સભ્યોના નામોમાં દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક--૧૫

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સુચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૭ | ૧૮ | ૯ | ૧. રાજ્યમાં વરસાદ વિ.થી થયેલી જાન-હાનિ અને નુકસાન બાબત | શ્રી ઉદેસંઘ વી. વડોદીયા | ૬-૯-૧૯૬૫ |
| | | | ૨. બિન-સરકારી કોલેજોની ગ્રાન્ટ બાબત | શ્રી રાતભાઈ ઉ. પટેલ. | ૭-૯-૧૯૬૫ |
| | | | ૩. નવાગામ મુકામે કાદવ મિશ્રિત તેલ ફેલાવા બાબત | શ્રી ઉદેસંઘ વી. વડોદીયા | ૮-૯-૧૯૬૫ |
| | | | ૪. કોલેરાના ફેલાવા બાબત. | શ્રી વિજયસિંહજી ભ. ચૌહાણ | ૯-૯-૧૯૬૫ |
| | | | ૫. સુરતમાં જરી ઉદ્યોગના કામદારો બેકાર બનવા બાબત | ,, | ૧૦-૯-૧૯૬૫ |
| | | | ૬. કપાસીયાની તંગી અને ભાવ વધારા બાબત. | યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | ૧૫-૯-૧૯૬૫ |
| | | | ૭. વિજાપુર તાલુકામાં ટયુબવેલનું પાણી આપવા બાબત | શ્રી ગંગારામ થુ. રાવળ. | સમયને અભાવે સૂચના ગૃહમાં લઈ શકાઈ ન હતી. |
| | | | ૮. અમદાવાદની કેન્સર હોસ્પિટલ સરકારી સહાયના અભાવે ચાલુ ન થવા બાબત | શ્રી નરભેશંકર ના. પાણેરી | ,, |
| | | | ૯. રાજ્યમાં કેરોસીનની પ્રવર્તતી તંગી બાબત | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ,, |

## પત્રક ક્રમાંક--૧૬

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાની સંખ્યા | નામંજુર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે. | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ ચર્ચા માટે આપવામાં આવેલો સમય. |
|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૪ | ૧. સંસદ, રાજ્ય વિધાન મંડળો અને તેના સભ્યોની સત્તાઓ, વિશેષાધિકારો અને ઉન્મુકિતઓ બાબત. | શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટ | સમયને અભાવે ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |
| | | | ૨. ,, | શ્રી છબીલદાસ પ્રા. મહેતા | ,, |
| | | | †૩. ખાતરી સમિતિના સાતમા અહેવાલની અમુક ભલામણો વિચારણામાં લેવા બાબત. | શ્રી છબીલદાસ પ્રા. મહેતા:<br>યુવરાજશ્રી મ. પ્ર. જાડેજા | ,,<br>,, |

† બે સભ્યોએ અલગ અલગ સૂચનાઓ આપી હતી. આથી બન્ને સભ્યોના નામો જોડીને એકત્રિત કરીને સૂચના દાખલ કરવામાં આવી હતી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ: